તારીખ: 10 ફેબ્રુઆરી, 2014

# રાષ્ટ્રના મૂડનો પડઘો પાડતી શ્રી મોદીની રેલીઓ

- અરુણ જેટલી

વિરોધ પક્ષના નેતા ( રાજ્ય સભા )

ગત સપ્તાહનો અંતભાગ શ્રી નરેન્દ્ર મોદી અને ભાજપ માટે અત્યંત વ્યસ્ત રહ્યો. શનિવારે મોદીની રેલીઓ ઈમ્ફાલ, ગૌહાટી અને છેલ્લે ચેન્નાઇમાં યોજાઈ હતી. રવિવારે ચેન્નાઇમાં એક શૈક્ષણિક સંસ્થાના કાર્યક્રમ પછી તેમણે કોચી અને તિરુવનંતપુરમ ખાતે વિવિધ રેલીઓને સંબોધી હતી.

મણિપુરમાં યોજાયેલી જાહેરસભાઓમાં જામેલી ભીડ શ્રી નરેન્દ્ર મોદીને મળેલો અભૂતપૂર્વ પ્રતિસાદનો પડઘો પાડતી હતી. ઈમ્ફાલ રેલી મણિપુરમાં સૌથી વિશાળ રાજકીય રેલી હોવાનું માનવામાં આવે છે. ભાજપ મણિપુરમાં ખૂબ જ મજબૂત સંગઠન નથી. તેમ છતાં પણ, શ્રી મોદીની જાહેરસભાઓમાં ઉમટેલી અભૂતપૂર્વ ભીડ દેશના મૂડનું સૂચક છે . તેમણે ગૌહાટી અને ચેન્નાઇ ખાતે પણ રેલીઓને સંબોધી અને છેલ્લે કેરળમાં જંગી જનમેદનીને આકર્ષી હતી. તેમની સભાઓમાં લોકો ધર્મ કે નાત-જાતના ભેદભાવ ભૂલીને ઉમટ્યા હતા. ભૂતકાળમાં ભાજપને જ્યાં ઓછો મતદારવર્ગ હતો, એવા રાજ્યોમાં શ્રી મોદીને મળેલો પ્રતિસાદ અભૂતપૂર્વ હતો.

જનતાનો કોંગ્રેસ પ્રત્યેનો ભ્રમ ભાંગી ગયો છે. લોકો નવી આશા શોધી રહ્યા છે. જનતા શ્રી મોદી પ્રત્યે આશાભરી મીટ કેમ માંડી રહી છે ? શું જનતાને ઊંચા ગજાના, પ્રેરણાત્મક અને નિર્ણાયક નેતા જોઈએ છે ? એવા નેતા જોઈએ છે કે જેઓ ઈમાનદારીના ધોરણો ફરીથી સ્થાપિત કરે ? ભાવવધારો અને બેરોજગારી લાવનારા અને અર્થતંત્રની સ્થિરતામાં ખલેલ

પહોંચાડી રહેલા નેતાઓને જનતા હટાવવા ઈચ્છે છે ? દેશના , ઉત્તર-મધ્ય અને પશ્ચિમી ભાગોમાં પરંપરાગત ભાજપના ગઢમાં શ્રી મોદીને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો તે સમજી શકાય એમ છે. પરંતુ  ભાજપ પરંપરાગત રીતે જ્યાં ખૂબ જ મજબૂત નથી એવા રાજ્યોમાં મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદનો શું અર્થ છે? ઈશાની રાજ્ય ઉપરાંત પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને કેરળ ખાતે શ્રી મોદીની રેલીઓમાં જોવા મળેલી જનમેદની અભૂતપૂર્વ રહી અને ભીડનો પ્રતિભાવ પણ વીજળીવેગી કેમ રહ્યો ? શું આવું વલણ વધુ કંઈક સૂચવે છે?

દેખીતી રીતે, પ્રચંડ ભીડમાં શું પાતળી હવા બહાર દેખાતી નથી ? તે બાબત મજબૂત અંતઃપ્રવાહ સૂચવે છે. તેમાં ભભૂકતો જનઆક્રોશ અને સાથે આશા એમ બંનેથી પ્રેરિત છે. જનતા પરિવર્તન ઈચ્છે છે. શ્રી મોદી પરિવર્તન માટે બહેતર વિકલ્પ હોઈ જનતા તેમના પ્રત્યે આશા ધરાવે છે. શ્રી મોદીને મળેલો આ રાજકીય આધાર હવે પ્રચંડ લોકમતનો જુવાળ ઊભો કરીને ચૂંટણીમાં મતોમાં રૂપાંતરિત કરવાની જરૂર છે. આમ કરવા માટે જનતા ઉત્સુક હોવાનું વલણ ભાજપ મજબૂત ન હોય એવા રાજ્યોમાં સમાજના વિવિધ વિભાગો તરફથી મળેલા પ્રતિસાદના સ્વરૂપમાં જોવા મળ્યું છે. શું અમને હવે તે રાજ્યોમાંથી સુખદ આશ્ચર્ય મળશે ?